ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૪/૨૧-૨૨/ 658 તારીખ : 24 FEB 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૪/૨૧-૨૨

પ્રતિ,
**મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,**
**શ્રી વિનય વિહાર કેળવણી મંડળ,**
**મું.લોક વિધાલય, વાળુકડ,**
**તા.પાલીતાણા,**
**જી.ભાવનગર.**

**મો.નં- ૯૪૨૬૩ ૯૫૨૧૫/ ૦૨૮૪૮-૨૮૩૩૪૪**

**વિષય :** **લોક વિધાલય કન્યા છાત્રાલય ના વિજ કનેકશન નું રૂા.૬૭,૯૦૦/- નું મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૧-૨૨/૧૦૧ તા.૧૧/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૧-૨૨/૪૩૧ તા.૦૫/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોડીઢાળ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૪/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી વિનય વિહાર કેળવણી મંડળ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૫/૦૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– ૧. **શ્રી** ધામેલીયા રાઘવભાઈ આર (કેમ્પસ ડાયરેક્ટર)

૨. દરજી કિર્તીભાઈ ડી. – શિક્ષક

પ્રતિવાદી :– સોનલબેન આર. ડામોર – નાયબ ઈજનેર, ઘોડીઢાળ પે.વી.કચેરી, પાલીતાણા.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, વિનય વિહાર કેળવણી મંડળ, મું.લોક વિધાલય, વાળુકડ, તા.પાલીતાણા, જી.ભાવનગર ની લોક વિધાલય કન્યા છાત્રાલય ના વિજ કનેકશન નું રૂા.૬૭,૯૦૦/– નું મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૪/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૧–૨૨/૧૦૧ તા.૧૧/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૦૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે ૧. **શ્રી** ધામેલીયા રાઘવભાઈ આર (કેમ્પસ ડાયરેક્ટર) ૨. દરજી કિર્તીભાઈ ડી. – શિક્ષક તથા પ્રતિવાદી તરફે સોનલબેન આર. ડામોર – નાયબ ઈજનેર, ઘોડીઢાળ પે.વી.કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મીટર એમ.આર.આઈ.રીપોર્ટ પ્રમાણે અમારૂં લાઈટ બિલ સપ્ટે–૨૦૧૯ થી નવે–૨૦૨૦ સુધી નું એવરેજ બિલ રૂા. ૧૯૬૮/– મળેલ હતું. જે સંદર્ભે મે–જુન–૨૦૨૧ સુધી નું વપરાશ યુનિટ ૭૦૨૦ નું બિલ ૬૭,૯૦૦/– નું બિલ અમોને મળેલ છે. જે વધારે પડતું છે.

૧.૨ તા.૧૮/૫/૨૦૨૧ માં વાવાઝોડામાં દિવાલ પર વૃક્ષ પડતાં, ખીલા ખેંચાઈ જતાં, મીટર ખેંચાઈને દૂર નીચે પડેલ છે. જેથી, મીટરમાં ફોલ્ટ આવેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ આ ફોલ્ટી મીટરના કારણે પીજીવીસીએલ તરફથી અમોને મે–જુન–૨૦૨૧ સુધી નું વપરાશ યુનિટ ૭૦૨૦ રૂા. ૬૭,૯૦૦/– નું બિલ અમોને મળેલ છે. અમોએ મીટર ટેસ્ટીગ નો રીપોર્ટ કરાવેલ હતો. જે રીપોર્ટ ના આધારે નીચે મુજબ દર્શાવેલ હતું.

– ડિસ્પ્લે બંધ છે.

-- મીટર ના એમઆરઆઈ આવી શકેલ નથી.

– મીટર ફોલ્ટી છે.

– મીટર ના સીલ તૂટેલ નથી.

૧.૪ સરકારશ્રી ના કોવિડ–૧૯ ના આદેશ મુજબ સ્કુલ તેમજ છાત્રાલય બંધ હોવાથી લાઈટ નો વપરાશ સદંતર બંધ હતો. જેથી, આ બિલ ખૂબજ વધારે પડતું છે. તો આ બિલ કેવી રીતે આવી શકે આ માટે યોગ્ય કાર્યવાહી કરી સહકાર આપવા આપશ્રી સાહેબ ને વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી મેનેજીંગ ટ્રસ્ટી, લોક વિધાલય, વાળુકડ ખાતે RGPR ટેરીફ નું ૧૦ KW નું ગ્રાહક નં–૮૯૦૪૮/૦૦૯૫૦/૨ થી ઘર વપરાશ નું વિજ કનેકશન લોક વિધાલય માં લોક વિધાલય, કન્યા છાત્રાલય ના નામનું ધરાવે છે.

૨.૨ સદર વિજ જોડાણ તા.૦૫/૧૨/૨૦૦૩ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે.

૨.૩ સદર ગ્રાહક નું વિજ મીટર તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ પ્રફોર્મા–૧૫ નં–૧૮૭૮૯ મુજબ મીટર ફોલ્ટી ના આધારે બદલાવેલ. (બિડાણ–૧)

૨.૪ સદર મીટર નું લેબ પરીક્ષણ તા.૦૧/૦૯/૨૦૨૧ ના રોજ ગ્રાહકશ્રી ના પ્રતિનિધિ ની હાજરીમાં કરવામાં આવેલ છે. સદર મીટરને લેબમાં ચકાસતાં, ડિસ્પ્લે બંધ આવેલ છે. સદર મીટરના બેટરી મોડ થી રીડીંગ લેતાં, રીડીંગ ૮૬૭૦ KWH આવેલ છે. વધુમાં, મીટર નો એમ.આર.આઈ ડેટા આવેલ નથી અને મીટરની ચકાસણી કરતાં, મીટર ફોલ્ટી આવેલ છે. લેબ રીપોર્ટ ની કોપી પીએલટી–૧૫૯૮૩ આ સાથે સામેલ છે. (બિડાણ–૨)

૨.૫ જુલાઈ–ઓગષ્ટ–૨૦૨૦ બિલ્ડ ઈન સપ્ટે–૨૦૨૦ ના મહિનામાં ગ્રાહકના વિજ મીટરમાં ૧૬૩૮ KWH રીડીંગ હતા અને વપરાશ ૫૯૩ KWH રીડીંગ નો આવેલ હતો.

૨.૬ ગ્રાહક ની PRT-145 મુજબ ગ્રાહક ને બિલીંગ પીરીયડ ની માહિતી નીચે મુજબ છે.(બિડાણ–૩)

| Billing Period | Start Reading | End Reading | Consumption (KWH) | Amount | Payment |
|---|---|---|---|---|---|
| July-Aug-2020 Billed in Sept-2020 | 1045 | 1638 | 593 | 3783.68 | |
| Sept-Oct-2020 Billed in Nov-2020 | 1638 | 1638 | 0 | 140.00 | |

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

| | | | | | |
|---|---|---|---|---|---|
| Nov-Dec-2020 Billed in Jan-2021 | 1638 | 1638 | 0 | 140.00 | 4063.00 |
| Jan-Feb-2021 Billed in Mar-2021 | 1638 | 1638 | 0 | 140.00 | |
| Mar-Apr-2021 Billed in May-2021 | 1638 | 8658 | 7020 | 49763.97 | |
| May-June-2021 Billed in July-2021 | 8658 | 8658 | 2643 (Loc) | 21851.21 | |
| July-Aug-2021 Billed in Sept-2021 | 11158 | 8658 | 2500 (Faulty as per Lab Report) | 16952.56 | 21851.21 Lock Rebet |
| Sept-Oct-2021 Billed in Nov-2021 | 3 | 3222 | 3219 (Meter Chang) | 27674.71 | 20000.00 |
| Dec-2021 Billed in Jan-2022 | 3222 | 4482 | 1260 | 10411.30 | |

આમ, ઉપરોક્ત બિલીંગ ની માહિતી ચકાસતાં, બિલ કંપની ના નિયમ મુજબ બિલીંગ કરવામાં આવેલ છે.

૨.૭ તેમજ રીડીંગ વધુ આવેલ હોય, તપાસ કરતાં, બિલ્ડીંગ નું સમારકામ કરેલ હોય તેવું માલૂમ પડેલ. તેમજ મીટર ના રીડીંગ યોગ્ય માલૂમ પડેલ હોય, વિજ બિલ વિજ મીટરમાં આવેલ રીડીંગ ૭૦૨૦ યુનિટ મુજબનું બિલ બનાવી આપવામાં આવેલ હતું.

૨.૮ વધુમાં PRT-145 પરથી સ્પષ્ટ થાય છે કે, ગ્રાહકનું બિલીંગ તા.૧૦/૫/૨૦૨૧ ના રોજ કરવામાં આવ્યું તે સમયે મીટર ના રીડીંગ ૮૬૫૮ KWH યુનિટ હતા. આમ, સદર ગ્રાહક ને તેમના મીટરમાં નોંધાયેલા યુનિટ ૭૦૨૦ નું કુલ બિલ રૂ.૪૯૭૬૩/૯૭ નું આપવામાં આવેલ છે. (બિડાણ–૪)

૨.૯ આમ, સદર ગ્રાહકને તેમના મીટરમાં નોંધાયેલ મે–૨૦૨૧ થી ડિસે–૨૦૨૧ સુધીના યુનિટનું કુલ બિલ બાકી રૂ. ૭૯,૭૯૬/૯૩ છે. જેમાં, લેબ પરીક્ષણમાં આવેલ પેન્ડીંગ યુનિટ તેમજ PRT-145 પરથી સ્પષ્ટ થાય છે કે, ગ્રાહકના વિજ પ્રસ્થાપન પર ઉપરોક્ત સમયગાળા દરમિયાન વિજળી નો વપરાશ થયેલ છે અને ગ્રાહક પાસેથી વસુલવા પાત્ર રકમ રૂ.૭૯,૭૯૬/૯૩ થાય છે. જે કંપની ના નિયમ પ્રમાણે છે.

જે આપ સાહેબની જાણ સારૂં અને યોગ્ય કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ સદર વાદીના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોક વિધાલય વાળુકડ ખાતે RGPR ટેરીફ નું ૧૦ KW નું ગ્રાહક નં–૮૯૦૪ ૮૦૦૯૫૦૨ થી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ તા.૧૬/03/૨0૨0 થી તા.0૯/03/૨0૨૧ સુધી સદર જગ્યાએ વિધાર્થીનીઓની હોસ્ટેલ બંધ રહેલ છે. તેવું હાજર રહેલ વાદીના પ્રતિનિધિ જણાવે છે.

૩.૩ લેબ રીપોર્ટ મુજબ મીટરનું છેલ્લું રીડીંગ ૮૬૭૦ છે. પરંતુ, જુલાઈ–ઓગષ્ટ–૨૦૨૧ બિલ્ડ ઈન સપ્ટે–૨૦૨૧ માં ૧૧૧૫૮ રીડીંગ દર્શાવીને ૧૧૧૫૮– ૮૬૫૮= ૨૫૦૦ યુનિટ નું બિલ આકારેલ છે. તે અયોગ્ય છે.

૩.૪ જેથી, મે–જુન તથા જુલાઈ–ઓગષ્ટ–૨૦૨૧ નું બિલ ફોલ્ટી મીટર ગણીને, બંને બિલીંગ સાયકલમાં ૫૫૫–૫૫૫ યુનિટનું ગણવું તથા તે મુજબ બિલમાં સુધારો કરવો. તથા છેલ્લા રીડીંગ નો એટલે કે, ૮૬૭૦ સુધીનો ઉલ્લેખ કરવો.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૫/0૨/૨0૨૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar